# BUSINESS મિત્ર

### મોડી સાંજે અમેરિકાએ હુમલા રોકવાની જાહેરાત કરતા ગિફ્ટ નિફ્ટી ૯૦૦ પોઇન્ટ ઉછળી

# સેન્સેક્સ 1836 અને નિફ્ટી 600 પોઈન્ટ તૂટ્યા

વાણિજ્યપ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 23:** હુર્મુઝ સ્ટ્રેટના વાહન અવનજવનને રોકી રહેલા ઈરાનને અમેરિકાએ 48 કલાકના અલ્ટીમેટમ સાથે પાવર પ્લાન્ટ ઉડાવી દેવાની ધમકી આપીને ઈરાનનું નાક દબાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઈરાને અમેરિકાની ધમકીને ફગાવી દેતાં માહોલ બગડ્યો હતો. જેની સીધી અસર વૈશ્વિક બજારો ઉપર જોવા મળી હતી અને ભારતીય શેરબજાર રક્તરંજિત થયું હતું. આજે સવારે ખુલતાની સાથે જ શેરબજારમાં બ્લડબાથ જોવાયો હતો. રૂપિયો પણ તૂટીને 94ને પાર કરી દીધો હતો. સોના-ચાંદીના ભાવોમાં પણ કડાકાભડાકા જોવાયા હતા. જેની સાથે શેરબજારમાં બેન્કીગ અને ઓટો સેકટરની આગેવાની હેઠળ નિફ્ટીમાં 600 પોઈન્ટનો કડાકો બોલાયો હતો.

ઈરાનને ટ્રમ્પના 48 કલાકના અલ્ટીમેટમ બાદ પાવર પ્લાન્ટને નાશ કરવાની ધમકી સામે ઈરાને પણ લશ્કરી કાર્યવાહી સામે અમેરિકા અને ઈઝરાયેલની ઉર્જા અને માળખાગત સુવિધાઓને ટાર્ગેટ બનાવીને બદલો લેવામાં આવશે. જેની સીધી અસર આજે વૈશ્વિક બજારો ઉપર પડી હતી.

મધ્ય પુર્વમાં ચાલી રહેલા યુદ્ધ દિવસેને દિવસે તીવ્ર બની રહ્યું છે. આ યુદ્ધ ચોથા સપ્તાહમાં પ્રવેશી રહ્યું છે અને વૈશ્વિક રોકાણકારો સાવધ બની રહ્યા છે. ખાસ કરીને ઉર્જા સુરક્ષા અને આર્થિક ચિંતાઓ રોકાણકારોને સતાવી રહી છે.

જોકે, બજાર બંધ થયા બાદ અમેરિકાના અહેવાલ આવ્યા હતા, ટ્રમ્પે પાંચ દિવસ સુધી ઈરાન પર હુમલા રોકી દેવાની જાહેરાત કરી છે, તે આશાવાદ પાછળ બજાર બંધ થયા બાદ તુરંત જ ગિફ્ટ નિફ્ટી 700 પોઈન્ટ જેટલી ઉછળી જવા પામી છે. જેથી આવતીકાલે બજારમાં ગેપ અપ ઓપનીંગ જોવા મળી શકે, જો રાતના સમયમાં અન્ય કોઈ ખરાબ સમાચાર ન આવે તો.

બીએસઈ સેન્સેક્સ 1836.57 પોઈન્ટ એટલે કે 2.46 ટકા તૂટીને 72696.39 પોઈન્ટના સ્તરે નીચે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73732 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72558 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 601.85 પોઈન્ટ એટલે કે 2.6 ટકા તૂટીને 22512.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22851 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22471 પોઈન્ટ સુધી ઘટી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 22500 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી. આજના કારોબારના દિવસ દરમ્યાન સૌથી વધુ એનબીએફસી અને બેન્ક શેરોમાં ધોવાણ થયું હતું. બેન્ક નિફ્ટી 1989.30 પોઈન્ટ એટલે કે 3.72 ટકા તૂટીને 51437.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે સન ટીવી નેટવર્ક 11.43 ગણા, એજીસ વાપક ટર્મીનલમાં 4.86 ગણા, વર્ધમાન ટેક્સટાઈલ્સમાં 3.27 ગણા, એનએમડીસી સ્ટીલમાં 2.96 ગણા, બ્લુ જેટ હેલ્થકેરમાં 2.41 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એબી ફેશનમાં 10.23 ગણા, એયુ સ્મોલ બેન્કમાં 8.78 ગણા, એસબીઆઈ કાર્ડસમાં 7.43 ગણા, ત્રિવેણી ટર્બાઈનમાં 6.24 ગણા અને એલીકોન એન્જીનીયરીંગમાં 3.98 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 3.81 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 3.86 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ એકદમ નબળું પડ્યું હતું. બીએસઈ ખાતે 642 શેરો જ સુધર્યા હતા. જ્યારે 3790 શેરો ઘટ્યા હતા ને 136 શેરો યથાવત રહ્યા હતા.

## ડોલરમાં આગેકૂચ, 94 નજીક

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.97 રૂ. |
| યુરો | 109.26 રૂ. |
| પાઉન્ડ | 126.98 રૂ. |
| યેન | 0.5935 રૂ. |

કરન્સી બજારમાં આજે પણ ડોલરમાં મજબૂતાઇ આગળ વધી હતી. વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો વધુ ઘેરા બની રહ્યા હોવાથી કરન્સી બજારમાં ગંભીર અસર પડી રહી છે. જેના લીધે આજે ડોલરની સામે રૂપિયો વધુ 25 પૈસા નબળો પડીને 93.97ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.72ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.26, પાઉન્ડ 126.98, કેનેડિયન ડોલર 68.59, ઓસ્ટ્રેલિયન ડોલર 65.77, જાપાનીઝ યેન 0.5935 અને સીંગાપોર ડોલર 73.41ના સ્તરે બંધ રહ્યા હતા.

## 1 એપ્રિલથી જેટ ઈંધણના ભાવમાં વધારો ઝીંકાશે

એપ્રિલથી ઉડ્ડયન ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થવાની શક્યતા છે, ઉડ્ડયન મંત્રીના જણાવ્યા પ્રમાણે વૈશ્વિક ભાવમાં વધારાને કારણે વિલંબિત પરંતુ જેટ ઈંધણના ભાવમાં વધારો કરવો હવે અનિવાર્ય બન્યો છે. વૈશ્વિક સ્તરે જેટ ઈંધણના ભાવમાં 86%નો વધારો થયો છે, પરંતુ ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ માર્ચના ભાવ ચક્રમાં તેમાં થયેલા ભાવ વધારાને સંપૂર્ણપણે પસાર કર્યો નથી. પરિણામે, સ્થાનિક ઉડ્ડયન ટર્બાઇન ઈંધણ (ATF) ના ભાવ ફેબ્રુઆરીમાં પ્રતિ કિલોલિટર $778.85 થી માર્ચમાં પ્રતિ કિલોલિટર $816.9 થયા છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1836.57 | 72696.39 |
| નિફ્ટી | -601.85 | 22512.65 |
| બેન્કનિફ્ટી | -1989.30 | 51437.75 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 1.87 | 1358.60 |
| પાવરગ્રીડ | 1.51 | 302.10 |
| ઇન્ફોસીસ | 0.07 | 1256.80 |
| ઓએનજીસી | 0.02 | 265.45 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇ. | 6.49 | 877.70 |
| ટાઇટન કંપની | 6.17 | 3853.10 |
| ટ્રેન્ટ | 5.70 | 3356.70 |
| જિયો ફાઇ. | 5.52 | 226.10 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 5.23 | 10362.00 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 1.83 | 1358.45 |
| પાવરગ્રીડ | 1.39 | 301.65 |
| ઇન્ફોસીસ | 0.28 | 1258.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 6.24 | 3851.80 |
| ટ્રેન્ટ | 5.90 | 3354.95 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 5.20 | 10359.75 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 4.85 | 3946.55 |
| બીઇએલ | 4.85 | 405.40 |

# સોના-ચાંદીના ભાવમાં મોટું ધોવાણ: સોનું રૂ. 9,000 અને ચાંદી રૂ. 10,500 તૂટી

**સોનામાં** 6%નો ઐતિહાસિક કડાકો; ડોલરની મજબૂતી અને બોન્ડ યીલ્ડ વધતા ભાવ ગગડ્યા

**MCX** પર તો સોનામાં રૂ. ૧૦૦૦૦ અને ચાંદીમાં તો રૂ. ૧૭૦૦૦થી વધુના કડાકા

### વૈશ્વિક તનાવ હોવા છતાં સોના, ચાંદીના ભાવ કેમ ગગડ્યા છે?

સામાન્ય રીતે સોના અને ચાંદીને સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે, પરંતુ આ વખતે અન્ય પરિબળો વધુ પ્રબળ સાબિત થઈ રહ્યા છે. IBJA ના વાઇસ પ્રેસિડેન્ટ અને આસ્પેક્ટ ગ્લોબલ વેન્ચર્સના એક્ઝિક્યુટિવ ચેરપર્સન અક્ષા કંબોજ સમજાવે છે કે, "મજબૂત અમેરિકી ડોલર, બોન્ડ યીલ્ડમાં વધારો અને ઊંચા વ્યાજ દરની અપેક્ષાઓમાં ફેરફારને કારણે કિંમતો ઘટી રહી છે. સોના પર કોઈ વ્યાજ કે વળતર મળતું ન હોવાથી તે ઓછું આકર્ષક બની રહ્યું છે. આ ઉપરાંત, અન્ય બજારોમાં થયેલા નુકસાનને ભરપાઈ કરવા માટે રોકાણકારો સોનું વેચી રહ્યા છે. ભલે જોખમ વધારે હોય, છતાં રોકાણકારો અત્યારે એવી અસ્ક્યામતો તરફ નાણાં રોકી રહ્યા છે જે તેમને ત્વરિત વળતર આપી શકે.

**નવી દિલ્હી, તા. ૨૩:** નબળી સ્થાનિક માંગ અને નબળા વૈશ્વિક વલણોને કારણે સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવમાં રૂ. 9,050નો મોટો ઘટાડો થઈને રૂ. 1.43 લાખ પ્રતિ 10 ગ્રામ થયો હતો, જ્યારે ચાંદી રૂ. 10,500 તૂટીને રૂ. 2.30 લાખ પ્રતિ કિલો પર પહોંચી ગઈ હતી.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાનો ભાવ શુક્રવારના બંધ સ્તર રૂ. 1,52,650 થી રૂ. 9,050 અથવા લગભગ 6 ટકા ઘટીને રૂ. 1,43,600 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) રહ્યો હતો. ચાંદીમાં પણ રૂ. 10,500 અથવા 4.36 ટકાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો અને તે રૂ. 2,30,000 પ્રતિ કિલો પર આવી ગઈ હતી. અગાઉના ટ્રેડિંગ સત્રમાં સફેદ ધાતુ રૂ. 2,40,500 પ્રતિ કિલો પર બંધ થઈ હતી.

HDFC સિક્યોરિટીઝના કોમોડિટીઝ સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, કિંમતી ધાતુઓએ ગયા સપ્તાહનો ઘટાડો ચાલુ રાખ્યો હતો, જેમાં સોમવારે ઈન્ટ્રાડે ટ્રેડિંગ દરમિયાન હાજર સોનું ચાર મહિનાની નીચી સપાટીએ સરકી ગયું હતું. તેમણે આ તીવ્ર ઘટાડા માટે પશ્ચિમ એશિયામાં વધતા તણાવને જવાબદાર ગણાવ્યો હતો, જેના કારણે તેલના ભાવ વધ્યા અને ફુગાવાની ચિંતા વધી, જેનાથી કડક નાણાકીય નીતિની શક્યતા વધી ગઈ છે. ગાંધીએ ઉમેર્યું કે, કડક નાણાકીય નીતિની સંભાવનાએ અમેરિકી ટ્રેઝરી બોન્ડ યીલ્ડમાં વધારો કર્યો અને ડોલરને મજબૂત બનાવ્યો, જેનાથી સોના અને ચાંદી પર વધુ દબાણ આવ્યું. આંતરરાષ્ટ્રીય બજારમાં, હાજર સોનું 227.42 ડોલર અથવા 5.06 ટકા ઘટીને 4,263.73 ડોલર પ્રતિ ઔંસ થયું હતું, જ્યારે ચાંદી 4.25 ડોલર અથવા 6.3 ટકા ઘટીને 63.53 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી હતી. વેન્ચુરાના હેડ ઓફ કોમોડિટી એન્ડ સીઆરએમ એન.એસ. રામાસ્વામીએ જણાવ્યું હતું કે સોનું આવી કટોકટીમાં સારું પ્રદર્શન કરે છે, પરંતુ વૈશ્વિક મૂડી પ્રવાહમાં વિક્ષેપે સોનાના તેજીના બજારને ટેકો આપ્યો છે. કેન્દ્રીય બેંકો કામચલાઉ આવકની અછતને કારણે સોનાના સંચયની તેમની વ્યૂહરચના છોડશે નહીં. જ્યારે તેલનો પ્રવાહ સામાન્ય થશે અને સરપ્લસ રિકવર થશે, ત્યારે સોના માટેની માળખાકીય બિડ ફરીથી સ્થાપિત થશે.

કદાચ આ અસામાન્ય લાગી શકે છે. સામાન્ય રીતે જ્યારે વિશ્વમાં અનિશ્ચિતતા વધે છે, ત્યારે સોનાના ભાવ વધે છે પરંતુ અત્યારે, ભૂરાજકીય તણાવ વધુ હોવા છતાં, સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ લખાઈ રહ્યું છે ત્યારે, MCX પર સોનાનો ભાવ રૂ. 1,34,293 હતો, જે રૂ. 10,153 અથવા 7.03% જેટલો ઘટાડો દર્શાવે છે. જ્યારે MCX ચાંદીનો ભાવ રૂ. 2,09,168 પર હતો, જે રૂ. 17,472 અથવા 7.70% ના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો.

# IDBI બેંકના શેરમાં 9%નો મોટો કડાકો: સરકાર OFS દ્વારા હિસ્સો વેચશે

**બે સપ્તાહમાં** આઇડીબીઆઇ બેન્કનો શેર 32 ટકા તૂટયો

**મુંબઈ, તા. 23** ભારત સરરકાર ઓફર ફોર સેલ દ્વારા આઈડીબીઆઈ બેંકમાં હિસ્સો ઘટાડવાનું વિચારી રહી છે, તેવા અહેવાલની પાછળ આજે આઈડીબીઆઈ બેન્કના શેરમાં ભારે વેચવાલી જોવા મળી હતી અને કારોબાર દરમ્યાન 9 ટકા જેટલો તૂટી ગયો હતો. આજે આઈડીબીઆઈ બેન્કનો ભાવ રૂ. 67ની આસપાસ બોલાતો હતો.

પીટીઆઈએ સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે આઈડીબીઆઈ બેંકમાં જાહેર શેરહોલ્ડિંગ ઓછું હોવાને કારણે, ચોક્કસ બજાર મૂલ્યાંકન નક્કી કરવું મુશ્કેલ છે. જાહેર શેરહોલ્ડિંગમાં 10થી 15 ટકાનો વધારો કરવાથી શેરના ભાવ નિર્ધારણ વધુ વિશ્વસનીય અને પારદર્શક બનશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઓએફએસના એક કે બે રાઉન્ડ પછી વ્યૂહાત્મક વેચાણ હાથ ધરવામાં આવી શકે છે.

ડિસઈન્વેસ્ટમેન્ટના ભાગ રૂપે, સરકાર આઈડીબીઆઈ બેંકમાં તેનો અને એલઆઈસીનો 60.72 ટકા હિસ્સો વેચવાનો પ્રયાસ કરી રહી હતી. પરંતુ આ મહિનાની શરૂઆતમાં આ પ્રસ્તાવિત વેચાણ રદ કરવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કારણ કે બે સંભવિત ખરીદદારોની નાણાકીય બોલીઓ અનામત કિંમતથી ઓછી હતી.

# સોની ટીવીનો 51 ટકા હિસ્સો ટીસીએલ 8,300 કરોડમાં ખરીદશે

**લોકો** અટકળો લગાવી રહ્યા છે શું હવે સોની ટીવી બંધ થઈ જશે

**બજારમાં** 'બ્રાવિયા' બ્રાન્ડના ટીવી સોનીના લોગો સાથે જ મળતા રહેશે



**નવી દિલ્હી, તા. 23:** દાયકાઓથી પ્રીમિયમ ટેલિવિઝન ક્ષેત્રે દબદબો ધરાવતી જાપાની કંપની સોની તેના હોમ એન્ટરટેઈનમેન્ટ બિઝનેસનો મોટો હિસ્સો ચીની કંપની ટીસીએલને વેચવાની તૈયારીમાં છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ સોદો આશરે રૂ. 8,300 કરોડ (1 બિલિયન ડોલર)માં થઈ શકે છે. આ સમજૂતી હેઠળ રચનારા જોઈન્ટ વેન્ચરમાં ટીસીએલનો 51% હિસ્સો રહેશે, જ્યારે સોની પાસે 49% હિસ્સો રહેશે. આ ભાગીદારી એપ્રિલ 2027થી કાર્યરત થવાની શક્યતા છે.

આ સોદાના સમાચાર સાથે લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે શું સોની ટીવી બંધ થઈ જશે? જોકે ગ્રાહકોએ ચિંતા કરવાની જરૂર નથી. બજારમાં 'બ્રાવિયા' બ્રાન્ડના ટીવી સોનીના લોગો સાથે જ મળતા રહેશે. તફાવત માત્ર એટલો જ હશે કે હવે ટીવીનું ઉત્પાદન અને સપ્લાય ચેઈન ટીસીએલ સંભાળશે. સોનીએ વધતી જતી વૈશ્વિક સ્પર્ધા અને પેનલ ઉત્પાદનના ઊંચા ખર્ચને પહોંચી વળવા આ વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. ભવિષ્યમાં સોનીના ટીવીમાં ટીસીએલની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા અને સોનીની પિક્ચર ક્વોલિટી તેમજ સાઉન્ડ ટેકનોલોજીનો સમન્વય જોવા મળશે.

## અમીર ચંદ જગદીશ કુમાર (એક્સપોર્ટ્સ) લિ.નો આઈપીઓ

અમીર ચંદ જગદીશ કુમાર (એક્સપોર્ટ્સ) લિમિટેડનો આઈપીઓ 24 માર્ચ, 2026ના રોજ ખુલશે. આ આઈપીઓ સંપૂર્ણપણે રૂ. 4,400 મિલિયનનો ફ્રેશ ઇશ્યૂ છે. શેર દીઠ રૂ. 201થી રૂ. 212નો પ્રાઇઝ બેન્ડ ફિક્સ કરવામાં આવ્યો છે. આઈપીઓ શુક્રવાર, 27 માર્ચ, 2026 ના રોજ બંધ થશે.

# ભારત સહિત એશિયન દેશોમાં આર્થિક વૃદ્ધિ ધીમી પડશે: મૂડીઝ

**મધ્ય** પૂર્વમાં તણાવ, ફુગાવો, ટેરિફ અનિશ્ચિતતા અને નબળી સ્થાનિક માંગ સાથે એઆઇ વૃદ્ધિમાં મંદીની ચિંતાઓ વધશે

**નવી દિલ્હી, તા. 23:** એશિયા-પેસિફિક ક્ષેત્રમાં આર્થિક વૃદ્ધિ ધીમી પડી શકે છે, જે 2025માં 4.3 ટકાથી ઘટીને 2027 સુધીમાં 3.6 ટકા થઈ શકે છે. મધ્ય પૂર્વમાં તણાવ, ફુગાવો, ટેરિફ અનિશ્ચિતતા અને નબળી સ્થાનિક માંગ જોખમો ઉભા કરે છે, જ્યારે ચીનની નિકાસ નિર્ભરતા અને એઆઈ વૃદ્ધિમાં મંદી ચિંતાઓ વધારી રહી છે.

રેટિંગ એજન્સી મૂડીઝ અનુસાર, આગામી વર્ષોમાં આ પ્રદેશનો આર્થિક વિકાસ ધીમો પડી શકે છે. આનું મુખ્ય કારણમધ્ય પુર્વમાં વધતા તણાવ, કોમોડિટીના ભાવમાં વધારો અને યુએસ ટેરિફ નીતિને લગતી અનિશ્ચિતતા છે. અહેવાલ મુજબ, આ પ્રદેશનો આર્થિક વિકાસ 2026માં ઘટીને 4 ટકા થઈ શકે છે, જે 2025માં 4.3 ટકા હતો. ત્યારબાદ 2027માં વૃદ્ધિ વધુ ઘટીને 3.6 ટકા થવાનો અંદાજ છે, જેમાં નકારાત્મક જોખમો બાકી છે.

અહેવાલમાં જણાવાયું છે કે 2026ની શરૂઆતમાં આ પ્રદેશનું અર્થતંત્ર પહેલેથી જ નબળી સ્થિતિમાં હતું. સ્થાનિક માંગ પહેલાથી જ ધીમી હતી, અને નિકાસ પણ ધીમી પડી રહી હતી. જોકે, તાજેતરના ભૂરાજકીય અને વેપાર સંબંધિત વિકાસએ પરિસ્થિતિને વધુ ખરાબ કરી છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે કોમોડિટીના ભાવમાં વધારો થયો છે, જેના કારણે ફુગાવાનું જોખમ ફરી વળ્યું છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. |
|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ |
| **લોકલ** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ |

| | |
|---|---|
| ૭૫/૩૬ '' | ૧૧૧ |
| ૫૦/૩૬ '' | ૧૨૦ |
| ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ |
| **RIL રિલાયન્સ** | |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ |
| ૧૧૪.૧૩ રોટો | --- |
| ૧૦૦ ટેક્ષ | ૧૨૩ |
| **વેલનોન** (જીએસટી સાથે) | |
| ૮૦/૭૨ રોટો | ૧૨૦ |
| ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ |
| ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ |
| --- | --- |
| ૮૦/૧૦૮ '' | ૧૨૪ |

| | |
|---|---|
| ----- | --- |
| ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| **ગાર્ડન** | |
| ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૩૦/૩૬ એફડી | --- |
| TPM | ૧૧૬ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### સોના-ચાંદી સુરત


(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૧૦૦ |
| તેજાબી સોનું | ૧૪૬૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૭૯૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૧૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૦૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૨૦૦૦ |

### સુડોકુ - ૭૨૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | | | | |
| ૩ | | | ૨ | ૯ | | ૪ | | ૫ |
| | | ૨ | | | ૩ | | | |
| ૯ | ૨ | ૭ | ૫ | | | ૩ | ૧ | |
| ૧ | ૫ | | | ૨ | | ૭ | | |
| ૬ | ૩ | ૮ | | ૪ | | | ૫ | |
| ૮ | | ૫ | ૯ | ૩ | ૨ | ૧ | | |
| ૭ | ૯ | | ૧ | ૮ | | ૫ | ૨ | ૩ |
| ૨ | | | | ૭ | | ૮ | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.




## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### આઠ કક્કાનો અદ્ભુત ક્વાથ

કડુ, કરિયાતું, કલંભો, કિરમાણી અજમો, કાળી જીરી, કટુ પટોલ , કડાછાલ, કાળી દ્રાક્ષ સરખા ભાગે લઈ ચૂર્ણ કરી લો. તેમાંથી 10g લઈ, ક્રાટ બનાવી રોજ ત્રણ વાર પીવાથી, સંનિપાત જ્વર, અશક્તિ અરુચિ, પાંડુ રોગ, શિરશૂલ, અતિસાર, કૃમિ મટશે.

## શબ્દગુંફન - ૭૧૮૭ અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. દેવોના શિલ્પશાસ્ત્રી (૪)
૩. અધિકાર (૨)
૪. અન્ય, પારકું (૨)
૫. ચર્ચા (૫)
૬. ચરબી, તોફાન (૫)
૯. મુસાફરી, પ્રવાસ (૨)
૧૨. દૃષ્ટિ, જોવું તે (૩)
૧૪. વિશ્વાસ, આબરૂ (૪)
૧૭. આશ્ચર્યકારક (૩)
૧૮. રંગ, વર્ણ (૨)
૧૯. શ્વાસ (૨)
૨૦. દુ:ખની કહાણી (૫)
૨૨. દેહ, શરીર (૨)
૨૩. ખુશ, પ્રસન્ન (૨)
૨૫. ફરિયાદ, ચાડી (૨)
૨૬. યોગ્ય કિંમત કરનાર (૫)
૨૯. માલિશ કરવું તે (૩)
૩૦. યોગ્ય કિંમત (૩)

**ઊભી ચાવી**
૧. આરામ લેવાનું સ્થળ (૩)
૨. ઘટ, ખોટ (૩)
૩. સીમા (૨)
૪. પગપાળા પ્રવાસ (૪)
૫. ફરિયાદી (૨)
૭. દેવું, ઋણ (૩)
૮. લશ્કરી ચાલ (૨)
૧૦. સ્વામી, વર (૨)
૧૧. દોસ્ત, આશક (૨)
૧૨. પર્વત પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૧૩. કૃપા, દયા (૩)
૧૪. બડાઈ, શેખી (૪)
૧૫. યાચના કરનાર (૩)
૧૬. ક્રિકેટની રતમમાં દોડીને લેવાય (૨)
૧૮. વાચા, બોલી (૨)
૧૯. કૃપા, રહેમ (૨)
૨૧. મોજૂદ, પ્રત્યક્ષ (૩)
૨૨. દરજીનું એક સાધન (૩)
૨૩. રાજા (૨)
૨૪. દિલ (૨)
૨૫. ચીસ, બૂમ (૨)
૨૬. શરીરની ઉંચાઈ (૨)
૨૭. કિંમત (૨)
૨૮. આપવું તે (૨)



## આજનું પંચાંગ

**તા. 24/03/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : છઠ: 16:09- સ્કંદષષ્ઠી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર-03
**યોગ :** પ્રીતિ **કરણ:** ગર
**નક્ષત્ર :** રોહિણી:- 19:06
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.) 30:19 પછી મિથુન (ક,છ,ઘ)
**દિવસ :** સામાન્ય - સૂર્યષષ્ઠી
**સુરતમાં સૂર્યોદય:** 06:41 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:49
**નવકારસી :** 07:29
**પારસી વર્ષ :** 1395 આવાં માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મનપસંદ ભાવનાનો આનંદ મળે. વેપારમાં આવક વધશે. પરિવાર સાથે પાર્ટી-પિકનિકનો આનંદ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** સખત મહેનત અને દોડ-ધામનો દિવસ રહેશે. અચાનક શુભ સમાચાર મળે. પ્રવાસમાં સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** શત્રુઓથી સાવધાન. ગુપ્ત ભય સતાવે. ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે.

**કર્ક (ડ,હ,):** અચાનક અનુકૂળતાથી નવા રોકાણ લાભદાયક થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતાનો અનુભવ થાય.

**સિંહ (મ,ટ,):** ઉત્સાહજનક પ્રગતિ થાય. મહત્ત્વના નવાં ફેરફારથી નવી તક ઊભી થાય. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીની તલાશ પૂરી થાય. પ્રવાસનો હેતુ પાર પડશે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** જૂના દર્દો પરેશાન કરશે. આરોગ્યના ખર્ચા વધશે. ઉઘરાણી આવે. ધર્મ-કર્મ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** જીવન સાથીનો સાથ મળે. સામાજીક કામમાં યશ મળે. રોજના કામમાં મદદ મળે. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પડવા-વાગવા અને હિત શત્રુઓથી સાવધાન, સરકારી યોજનાનો લાભ મળે. ખર્ચા વધશે.

**મકર (ખ,જ,):** પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નવા લોકોથી સાવધાન. સંતાનોના કામમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધારવાની યોજના પાર પડે. વડીલોની મદદથી વારસાનાનો કામમાં પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** વાણી પર કાબૂ રાખવો. વિવાદથી અશાંતિ પેદા થાય. અચાનક સફળતા મળે.

### કોઈ પણ સાલમાં 24 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે ટેકનોલોજીનું શિક્ષણ અને નવા વાતાવરણમાં કામ કરવાની તક મળશે. આરોગ્ય નરમ રહે. જવાબદારી અને દોડધામ વધશે. સમાજ નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. સંતાનોના કામમાં વિઘ્નો આવે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને તક મળે. આર્થિક બાબતે ચડતી-પડતી રહેશે. ઉઘરાણીની ચિંતા સતાવે. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસાનાં કામ ધીમાં પડે. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મથી શાંતિ મળે. મિત્રો-વડીલોની મદદ નવા ઘર વાહન, મકાન બાબતે મળશે. નવા રોકાણમાં ધીરજ-રાખવી. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર- ઓક્ટોબર, શુક્ર-શનિવાર, 6,15,24 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. સફેદ રંગનો ઉપયોગ કરતા રહેવું. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 1,10,19,28 તારીખે નવાં કામ ટાળવાં.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

FOR Sell
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

નોકરી વિષયક

**ડિલિવરી બોય જોઈએ** છે સરોલી, પર્વતપાટિયા, ગોડાદરા, પુનાગામ નંબર 9725956799

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે**
પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે M- 9737711103

**કોર્નરનું રોહાઉસ**
વેચવાનું છે 236 ચો.વાર, ગ્રાઉન્ડ +1 ફ્લોર, 3 કાર પાર્કિંગ, 3 બેડરૂમ, 3 બાથરૂમ, સોલાર, હોલ, કીચન, ચાર સપ્લીરટ એસી, સી.સી ટીવી 4 કેમેરા મહાલક્ષ્મી મંદિર પાસે, આનંદમહેલ રોડ અડાજણ, સુરત. 9426807658 (911)

**પાલ ટીપી**
૧૦માં ૧૧૨ વારનો પ્લોટ વેચવાનો છે. દલાલ માફ. 9601662923

મિલ્કત જોઈએ છે

**જોઈએ છે**
સુરતની આજુબાજુના ગામમાં રહેવા લાયક જુનું મકાન. કો. ૦૨૬૧ ૨૪૩૮૦૪૧ (901)

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક આરોગ્ય વિષયક

**મોતીયાનું ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.